ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# હા... સાહેબ !

"હેપી ફ્રેન્ડશીપ ડે"

"હેં હેં હેં... એ શું નવું લાવ્યા..?!"

"અરે સાહેબ... ઓગષ્ટ મહિનાનો પહેલો રવિવાર વિશ્વભરમાં ફ્રેન્ડશીપ ડે તરીકે ઉજવાય છે... તમને ખબર જ નથી..?!"

"મિત્રતાના તેં કાંઈ દિવસો હોય ભાઈ..! એ કંઈ એક દિવસની વાત ઓછી હોય છે..?! મિત્રતા એટલે મિત્રતા..! એ જીવનભરની હોય છે."

"તમેય સમજતા નથી... તમારી વિચારધારામાંથી બહાર નથી આવતા..! અને માત્ર તમારી જ ચલાવો છો..."

"આ અભિવ્યક્તિનું પર્વ છે... મિત્રતાની લાગણીના સ્વીકારની અભિવ્યક્તિ એટલે ફ્રેન્ડશીપ ડે... અને ઉજવવામાં ખોટું શું છે..?!" આખરે તો જીવન એક ઉત્સવ છે ને..?! જો ઉજવતા આવડે તો..."

"હા સાહેબ... હા... અમને તો એટલી ખબર પડે કે મિત્રતા એટલે ઋણાનુબંધનો ભાવ... મિત્રતા એટલે નિસ્વાર્થભાવે એકમેકને પુરક બનવાની તત્પરતા... અને મિત્રતા એટલે વિકટમાં વિકટ સ્થિતિમાં પણ પડખે રહેવાની પ્રતિબદ્ધતા... આ અમારો દેશી ગણો તો દેશી અને માર્મિક ગણો તો માર્મિક ખ્યાલ છે..."

"સાહેબ... તમે સીધી રીતે કાન નથી પકડતા... તમને અવળા જ કાન પકડવાની ટેવ છે... આ તમારો દૂધનો માવો છે... : હવે બદલાતા સમયમાં અમે એ માવામાંથી અલગ-અલગ સ્વાદની અલગ-અલગ મીઠાઈઓ બનાવીએ છીએ... અહીં તમને ક્યાં...શું વાંધો પડે..?! મૂળ વાત તો એકની એક જ છે... તમે જે માનતા'તા... તમે જે વિચારતા'તા... તમે જે વિચારો છો એને અમે કાર્ડમાં... ગીફટમાં... ફ્રેન્ડશીપ બેલ્ટમાં રૂપાંતરીત કરી છે... આમાં નવું કાંઈ જ નથી..."

"હા...તમારો દંભ દેખાડો બહુ હોય છે... મિત્રતાના તે કંઈ વાજા વગાડાતાં હશે..? એ કંઈ છાપામાં છપાવાની બાબત છે...! એ શબ્દોનો નહી લાગણીનો વિષય છે..!! એની અભિવ્યક્તિઓ દુકાનોમાંથી ના ખરીદાય... એ હૃદયની અટારીએથી જ મળે...!"

"સાહેબ હજુ તમે માનતા નથી... બદલાયેલા સમયનો સ્વીકાર કરો... નવી પેઢીના વિચારોને આવકારો... વાત એની એ જ છે... સ્વરૂપ બદલાયું છે... તેમાં આટલી કથા શેની માંડી છે..?!" પહેલા આપણે વાટકી વહેવાર ન્હોતા કરતાં..?! વાટકીમાં લાપસી સંબંધમાં વહેંચતા હવે એ જ લાપસી જુદા સ્વરૂપે સ્વીટ બોક્સમાં હોય છે... વાત મૂળ એ જ છે મીઠાશને વહેંચવાની..!!"

"હા મીઠાશ વહેંચાવી જ જોઈએ... કૃષ્ણ-સુદામાની મિત્રતા... વસંત-રજબની મિત્રતા... આપણા મિત્રતાના અમર પાત્રો છે... આપણે ક્યાં કોઈનું ઉછીનું લેવાની જરૂર છે... હું તો સાવ સીધી સાદી સરળ વાત કરૂ કે મિત્રતા એટલે... લોહીના સંબંધોથી જોડવાના ભૂલી ગયેલા ભગવાન ભુલ સુધારી લે એજ મિત્રતા..! ભાઈ કરતાં ભાઈબંધ ચડે એ તો આપણી સામાજીક પરંપરા છે..."

"હં...અ... મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુઝ હૈયેથી વહ્યા કરો... શુભ થાઓ આ સકળ વિશ્વનું... એજ ભાવના નિત્ય રહો..."

- નિમિત્ત માત્ર

# ગાંધીનગર કોંગ્રેસ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે વડાપ્રધાનનું પુતળા દહન





## રાહુલ ગાંધીની ગાડી પર પથ્થરમારાના વિરોધમાં છાવણી ખાતે ધરણા યોજીને સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યા : ૫૦ની અટકાયત

ગાંધીનગર, તા. ૫

કોંગ્રેસ પક્ષના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની બનાસકાંઠા મુલાકાત દરમ્યાન તેમની ગાડી પર કરવામાં આવેલા પથ્થરમારાની ઘટનાના વિરોધમાં ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા આજે શહેરના સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ રાખ્યો હતો. સરકાર વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરીને ધરણા દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પુતળાનુ દહન કરી ઉગ્ર દેખાવો કરવામાં આવતા પોલીસે ૫૦ જેટલા આગેવાનો કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

ભાજપ સરકારને સંવેદનહીન અને સત્તાલાલસુ સરકાર ગણાવીને કોંગ્રેસ દ્વારા આજે રાહુલ ગાંધીની ગાડી પર થયેલા પથ્થરમારાના વિરોધમાં ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા આ ઘટનાને વખોડી કાઢીને સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કાર્યક્રમ રાખ્યો હતો. ભાજપના કાર્યકરોને મર્યાદામાં રહેવા તેમજ કાયદો હાથમાં ન લેવા ચેતવણી આપી સૂર્યસિંહ ડાભીએ આ ઘટનાને નીચલી કક્ષાનું રાજકારણ તરીકે વર્ણવી હતી. છાવણી ખાતે ધરણા બાદ સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરી વડાપ્રધાન મોદીના પુતળાનું દહન કરી કોંગ્રેસે ઉગ્ર દેખાવો કર્યા હતા. પોલીસે દેખાવો કરનાર જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ જિતેન્દ્રસિંહ સોલંકી, પુર્વ શહેર પ્રમુખ વિક્રમસિંહ ખાચર સહિત ૫૦ જેટલા કોંગી આગેવાનો કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

# જિલ્લાકક્ષાનો ધ્વજવંદન સમારોહ કલોલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૫

આગામી ૧૫મી ઓગષ્ટનો જિલ્લાકક્ષાનો ધ્વજવંદન સમારોહ કલોલ ખાતે યોજવામાં આવશે.

રાજ્યના રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહજી જાડેજા આ સમારોહમાં ઉપસ્થિત રહી પોલીસ પરેડની સલામી ઝીલશે. કલોલ ખાતે યોજાનાર ધ્વજવંદન સમારોહને લઈ તંત્રને તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે આ ધ્વજવંદન સમારોહ દરમ્યાન વિવિધ વિભાગોના ટેબ્લો પણ પ્રદર્શિત કરવામાં આવનાર છે. આ ઉપરાંત પરેડનું આયોજન તેમજ વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વ્યક્તીઓનું પણ સન્માન કરવામાં આવશે. બાળકો દ્વારા સાંસ્કૃતિક ઝાંખી પણ રજુ કરવામાં આવનાર છે.

# કલોલમાંથી વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

## દહેગામના દર્દીનું સારવાર દરમ્યાન મોત : જિલ્લામાં ૧૯ કેસ થયા : ૮ના મોત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈનફ્લુનો વધુ એક કેસ કલોલ શહેરમાંથી મળી આવેલ છે. જ્યારે દહેગામના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે.

જિલ્લામાં આ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૯ પર પહોંચી છે. જ્યારે આ રોગથી મૃત્યુ પામનારની સંખ્યા ૮ની થવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ શહેરના એક ૯૮ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે અને તેમને સારવાર માટે અમદાવાદ શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આરોગ્ય તંત્રએ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી દીધી છે. જોકે તાવ-શરદીના કોઈ દર્દીઓ મળી આવ્યા નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. હાલ આ દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

દરમ્યાન દહેગામના એક ૭૦ વર્ષીય વૃદ્ધ જે સ્વાઈન ફ્લુની સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ થતા તેમનું આજે સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.

તંત્રએ સ્વાઈન ફ્લુની બિમારી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે સોશ્યલ મિડીયાનો સહારો લેવાની વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત જાહેર સ્થાનો પર હોર્ડિંગ્સ પણ મુકવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# રક્ષાબંધને રક્ષા બાંધી શકાશે જનોઈ બદલાશે નહીં : ફુલશંકર શાસ્ત્રીજી

## રક્ષા પર્વ સાથે બલિરાજા અને લક્ષ્મીજીની વાત પણ જોડાયેલી : સંતો મહાપુરુષો અને જૈન મુનિઓ પણ રક્ષા બાંધે છે : કુંતી માતાએ અભિમન્યુને રક્ષા બાંધી હતી : શહેરમાં રક્ષાબંધનના પર્વની ઉજવણીને અનુલક્ષી બજારમાં ધમધમાટ

ગાંધીનગર તા ૫

ભાઈ બહેનના હેતનુ પર્વ એટલે રક્ષાબંધન....રક્ષાબંધન પર્વની પૌરાણિક કાળથી ઉજવણી થાય છે. રક્ષાના આ પર્વમાં બલિરાજા અને લક્ષ્મીજીની વાત જોડાયેલી છે. અભિમન્યુને પણ માતા કુંતીને રાખડી બાંધી હતી. યજ્ઞમાં તિલક કરીને પણ પુરોહીત શિષ્યને રાખડી બાંધે છે. ભાઈ બહેનના આ પર્વને હેતે વધાવવા માટે નગરજનોમાં ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. આવતીકાલે રક્ષાબંધનના પર્વને અનુલક્ષી શહેરીજનોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. જયારે પર્વને અનુલક્ષી બજારમાં પણ ભીડભાડ જોવા મળી રહી છે. અવનવી રાખડી મીઠાઈ તેમજ ગીફટ ખરીદવા માટે નાગરિકોની ભીડ જોવા મળી રહી છે. રક્ષાબંધનના દિવસે આ વખતે ગ્રહણના લીધે જનોઈ બદલી શકાશે નહીં. જયારે રક્ષા સવારે ૧૧ થી રાત્રિના ૯ કલાક સુધી બાંધવાનો યોગ્ય સમય છે. ગ્રહણના લીધે જનોઈ બદલવાનુ કાર્ય મોટાભાગનાએ પાંચમના દિવસે જ પુર્ણ કરી દીધુ હોવાનુ નગરના ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજીએ જણાંવ્યુ છે.

ભાઈ બહેનના પર્વની ઉજવણી નગરમાં વિશેષ રીતે થાય છે. રક્ષાબંધનના પર્વ અંગે ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજી જણાંવ્યા મુજબ આ પર્વ સાથે બલિરાજા

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટરોના આંતરિક માર્ગોના દુરસ્તીકરણ માટે તંત્રના ઉદાસીન વલણ સામે મેયર નારાજ

## મેયરે ચાર વર્ષમાં માર્ગ રીપેરીંગ માટે મનપાએ આપેલ ૨૬ કરોડની ગ્રાન્ટનો પણ ઉલ્લેખ કર્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં સેક્ટરોના આંતરિક માર્ગોને થયેલા નુકશાન પછી તંત્ર દ્વારા તેના રિપેરીંગ માટે દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા સામે આજે મનપાના મેયર પ્રવિણ પટેલે સખ્ત નારાજગી વ્યક્ત કરી છે.

તેમણે માર્ગ-મકાન વિભાગના મુખ્ય ઈજનેર (પા.યો.વિ.)ને લખેલા એક પત્રમાં આ માર્ગોની સુધારણા માટે સત્વરે કામગીરી હાથ ધરવામાં આવે તેવી સ્પષ્ટ માંગ કરી છે.

મેયર પ્રવિણ પટેલે લખેલા

● અનુસંધાન પાન-૭ પર

સવા સો લાખના રૂદ્રાક્ષના દર્શનાર્થે

ચાલો.. ચાલો.. ચાલો..

સ્થળ : વિશ્વ હિન્દુ પરિષદ (પ્રેરિત)
ભારત માતા મંદિર
સેક્ટર-૭/એ, ગાંધીનગર

સંપર્ક :
દિલીપભારતી ગોસ્વામી (ગુરૂજી)
મો. ૯૩૨૭૦૦૩૯૪૦

# પંચાયતની કીટના સ્ટીકરમાંથી ઉપપ્રમુખના નામની બાદબાકીને પગલે વિવાદ સર્જાયો

## ઉવારસદ ગામ તરફથી ૧૩૦૦ ગાદલા; પંચાયતની કીટમાં બે ચોરસા, બે શેતરંજી, તાડપત્રી છે : મંગુબેન ચૌધરી અને ગીતાબેન પટેલે પણ વ્યક્તીગત સહાયની કીટ બનાવી આપી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા પૂરગ્રસ્તોને સહાય મોકલવામાં આવનાર કીટમાં ઉપપ્રમુખના નામની બાદબાકી કરવામાં આવતાં પંચાયતમાં એક નવો વિવાદ ઉભો થવા પામ્યો છે.

જિલ્લા પંચાયતનાં સ્વભંડોળમાંથી રૂ. ૧૩ લાખના વાસણો અને ઘરવખરીની કીટ બનાવી મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાંથી પ્રથમ તબક્કામાં એક ટેન્ટ કમ તાડપત્રી, બે ચોરસા, બે શેતરંજી સહિતની વસ્તુની કીટ તૈયાર થઈ જવા પામી છે અને તે રવિવારે સવારે રવાના કરવામાં આવનાર છે.

આ કીટ માટે બનાવાયેલ સ્કીટરમાં પંચાયતના ઉપપ્રમુખના નામની બાદબાકીએ વિવાદ જમાવ્યો છે. સ્ટીકરમાં કારોબારી સમિતિના ચેરમેન અને પંચાયત પ્રમુખના નામ દર્શાવવામાં આવ્યા છે. આને લઈ આજે પ્રમુખશ્રીને રજુઆત પણ કરવામાં આવી હતી. પંચાયતના ઉપપ્રમુખપદે કોંગ્રેસના ભરતભાઈ પટેલ સેવાઓ આપી રહ્યા છે.

આજે પંચાયતમાંથી પૂરગ્રસ્તો માટેની કીટ સાથે છાલાની બેઠક પર વિજયી થયેલ મંગુબેન ચૌધરી તરફથી મળેલ ૨૦૦ સીધા કરિયાણાની કીટ ઉપરાંત શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ તરફથી ૫૦૦ જેટલા સુકા નાસ્તાના પેકેટ્સ અને કપડા તેમજ ઉવારસદ ગ્રામ તરફથી ૧૩૦૦ થી વધુ ગાદલાની ભેટ મળી છે તે રવાના કરવામાં આવનાર છે.

આ બધી જ સામગ્રી સાથે પંચાયતના સભ્યો અને પદાધિકારીઓ તેમજ અધિકારીઓની ટીમ પણ જનાર છે. આ કીટો તૈયાર કરવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં ચાલી રહી છે અને સવારે નવ વાગે આ કીટ સાથેના વાહનોનો કાફલો પંચાયત ખાતેથી રવાના થશે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વાસણો સહિતની ઘરવખરીની અન્ય કીટો બીજા તબક્કામાં આગામી સપ્તાહમાં રવાના કરવામાં આવનાર છે. આ કીટો ભાભર પંથકમાં પૂરથી અસર પામેલા લોકો માટે મોકલવામાં આવનાર હોવાનું પંચાયતના સૂત્રોએ જણાવ્યું છે.

# ઘ-૨ વિસ્તારમાં ખાદ્યસામગ્રીના વેચાણ નજીક જ ખદબદતી ગંદકી

## જનઆરોગ્ય સામે ખતરો : વરસાદી પાણીના ભરાવા વચ્ચે કચરાના ઢગ : નજીકમાં સ્થિત શૌચાલય જ પાણીના અભાવે ગંદકીનુ ઉદભવ સ્થાન : સ્થાનિકોમાં રોષ : ત્વરિત પગલા લેવા માંગ



ગાંધીનગર તા ૫

શહેરમાં ભારે વરસાદના અંતે હજુ પણ સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા વચ્ચે ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. પાણીના ભરાવાના લીધે મચ્છર ઉત્પત્તિ સ્થાનો વધ્યા છે. જયારે રોગચાળાએ જોર પકડયુ છે. ત્યારે જાહેર સ્થળોએ પણ અસહ્ય ગંદકીના લીધે જનઆરોગ્ય ખતરામાં મુકાયુ છે. નગરના ઘ-૨ વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ છે. ઘ-૨ પેટ્રોલપંપ પાસે વરસાદી પાણીના ભરાવા વચ્ચે ગંદકીના ઢગ ખડકાતા નજીકમાં સ્થિત ખાણીપીણીના સ્ટોલ પણ પ્રભાવિત છે. ખાણીપીણી બજાર નજીક જ ગંદકી ખડકાતા

● અનુસંધાન પાન-૭ પર

રક્ષાબંધનના દિવસે સેલ ચાલુ રહેશે.

MUMBAI WHOLESALE BAZAR

ગાંધીનગરમાં સર્વપ્રથમવાર...

SALE... SALE... SALE... SALE...

ટૂંક સમય માટે જ... SALE No.1

જ્યાં ડિસ્કાઉન્ટ જ નહી એકદમ તળીયાના ભાવો....

સેલ કરતા પણ સસ્તુ

હવે આપને અમદાવાદ કે અલગ અલગ જગ્યાએ ખરીદી કરવા જવાની જરૂર નથી. બીજે ખરીદી કરવા જતા પહેલા અમારી મુલાકાત ફાયદામાં રહેશે.

બોમ્બે, કલકત્તા ને લેડીઝ વેસ્ટર્ન ટોપ ફક્ત રૂ. ૫૦૦/-માં ત્રણ નંગ

બ્રાન્ડેડ જીન્સ પેન્ટ, કોટન પેન્ટ, ફોર્મલ પેન્ટ ફક્ત રૂ. ૧૦૦૦/-માં ત્રણ નંગ

ફેન્સી લેડીઝ કુર્તી ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ

ઓફીસ વેર શર્ટ, પ્લેન, લાઈનીંગ ચેક્સ ફક્ત રૂ. ૬૦૦/-માં ત્રણ નંગ

જીન્સ જેગીન્સ ફક્ત રૂ. ૬૦૦/-માં ત્રણ નંગ

બોમ્બે-બેંગ્લોર કેજ્યુઅલ શર્ટ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ

કોટન પ્રિન્ટેડ ડ્રેસ મટીરીયલ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ

લુધીયાણા બોમ્બે ફેન્સી ટી-શર્ટ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ

હેરમ+પ્લોજ્જો નાઈટ પેન્ટ ફક્ત રૂ. ૪૫૦/-માં ત્રણ નંગ

લેડીઝ જીન્સ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ

આ ઉપરાંત જીન્સ પેન્ટ, પોલોફીટ કાર્ગો પેન્ટ, બાંગ્લાદેશી કોટન કાર્ગો પેન્ટ જેવી અઢળક વેરાયટી અને એ પણ તળીયાના ભાવે

આ સેલ ટુંક સમય માટે જ છે. વહેલા તે પહેલાના ધોરણે પછી ના કહેતા કે અમે રહી ગયા.

સ્થળ : હોટલ પ્રેસિડેન્ટ બેંકવેટ હોલ, 'ચ' રોડ, પેટ્રોલ પંપની પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

સમય : સવારે ૧૦થી રાત્રે ૯ સુધી લંચ બ્રેક વગર
● હોલસેલ વેપારી ભાઈઓએ પૂછપરછ કરવી નહીં.
● શોપીંગ બેગ સાથે ન લાવવા વિનંતી.
● ગર્દીથી બચવા સવારે પધારો

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com